# Reading Behavior of Public Library Users Amidst the Global Pandemic: A Case Study of Surat City
# (વૈશ્વિક રોગચાળા વચ્ચે જાહેર પુસ્તકાલયના વપરાશકર્તાઓનું વાંચન વર્તન :સુરત શહેરનો કેસ સ્ટડી)

**Hemangini H.Matieda**
**Research Student,**
**Department of Library and information Science**
**Veer Narmad South Gujarat University, Surat,**
**Email: hemangimatieda@gmail.com**

**Trupti D. Mahida**
**Librarian, Agarwal Vidya Vihar English Medium College,**
**Vesu Surat, Gujarat (India),**
**Email: trupti.vansiya4@gmail.com**

**Jaydeep T. Vyas**
**Research Student,**
**Department of Library and information Science**
**Veer Narmad South Gujarat University, Surat,**
**Email: vyasjay97@gmail.com**

## અમૂર્ત (Abstract)

કોઈપણ સમાજ તેમજ સંસ્કૃતિનો વિકાસ જ્ઞાન અને માહિતી વિના સંભવી શકે નહિ , જ્ઞાનની ઉપલબ્ધી એ સામાજિક સંપતિ છે . તેમજ સમાજના ઘડતર અને વિકાસમાં પુસ્તકાલયની ભૂમિકા અગત્યની હોય છે. પુસ્તકાલય એ શિક્ષણનો ફેલાવો તથા માહિતી વિતરણ માટેનું એક સૌથી મોટું અસરકારક અને જીવંત માધ્યમ છે . પહેલાના યુગમાં પુસ્તકાલયનો ઉપયોગ અમુક વર્ગના લોકો જ કરી શકતા , અને તે સમયમાં માહિતીનું મુદ્રણ કરવું એ શક્ય નહતું અને તેથી ગ્રંથો કબાટમાં ) Lock & Key) સાચવીને રાખવામાં આવતા હતા . આજનો યુગ જ્ઞાનનો યુગ કહેવયા છે આજે માહિતીનો વિસ્ફોટ ઘણો ઝડપથી થાય છે. એના કારણે જ આપણે ઘણા આગળ વધી ગયા છે જેને લીધે ગ્રંથાલયો હાથમાં થઇ ગયા છે , પરંતુ માહિતીનું વ્યવસ્થાપન કરવું જરૂરી બની ગયું છે . આજે મોબાઈલનો યુગ જે સૌથી ઝડપી યુગ બની ગયો છે અને હવે ઝડપથી માહિતી મળતી થઈ છે પરંતુ ગમે તેટલા યુગો આવે કે બદલાય પરંતુ ગ્રંથોનો અમૂલ્ય વારસો પુસ્તકાલયમાંજ જોવા મળે અને પુસ્તકો તો એવી વસ્તુ છે કે જેનું જ્ઞાન લેવુજ પડે અને એ વાસ્તવિકતા છે . આજે દેશ ઘણો આગળ વધી ગયો છે પહેલાના સમય જેવું નથી રહ્યું કે ગ્રંથાલયોમાં ફક્ત રાજા મહરાજા કે તમનો પરિવાર જ ઉપયોગ કરી શકે , હવે સમય બદલાય ગયો છે અત્યારના સમયમાં પુસ્તકાલયના ઉપયોગ માટે કોઈ ભેદભાવ કે કોઈ બાધ રાખવામાં આવતા નથી એ એક Knowledge Center બન્યા છે જેનું દરેક વ્યક્તિ તેનો ઉપયોગ કરી શકે કે જેને જ્ઞાનની ભૂખ હોય ભલે એ ગમેતે જ્ઞાતિનો હોય કોઈપણ ભેદભાવ વગર તેનો ઉપયોગ કરી શકે છે. પ્રસ્તુત અભ્યાસમાં વૈશ્વિક મહામારી દરમિયાન જાહેર પુસ્તકાલયના ઉપભોક્તાઓની વાંચન વર્તાણુંકનો અભ્યાસ સંદર્ભે ભારતના ગુજરાત રાજ્ય અને સુરત શહેરના સંદર્ભેમાં એક અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે .શરૂઆતમાં સંશોધન પદ્ધતિ સંદર્ભે ચર્ચા અને સંશોધન પેપરના બીજા ભાગમાં પ્રાથમિક માહિતી આધારિત પરિણામોની ચર્ચા અને અંતે મહત્વના તારણો અને સૂચનોનો અભ્યાસ કરવામાં આવ્યો છે.

## પ્રસ્તાવના

વર્તમાન યુગ માહિતી અને જ્ઞાનનો યુગ છે, વ્યક્તિની શક્તિ તેના જ્ઞાનથી નહી પણ તેની પાસે રહેલી માહિતીથી આંકવામાં આવે છે, વર્તમાન યુગમાં માહિતીનો વિસ્ફોટ થઇ રહ્યો છે . તે અનુસાર એવું અનુમાન કરવામાં આવે છે કે દરેક કલાકે માહિતીમાં દસ ગણા ઉમેરો થઇ રહ્યો હોય છે . આવા સમયમાં જો વ્યક્તિ માહિતીસભર બની ના રહે તો તેનું વર્તમાન યુગમાં ટકી રહેવું ખુબ જ કઠિન બને છે . વર્તમાન યુગમાં માહિતી પ્રાપ્તિના વિવિધ સ્ત્રોતો તરીકે સમુહ માધ્યમો 'ઈન્ટરનેટ' 'વિજાણુ માધ્યમો' જેવા કે ઈ – બુક્સ, ઈ – જર્નલ્સ, ઈ–થીસીસ, અને મોબાઇલ લાયબ્રેરી વગેરેનો સમાવેશ થાય છે . આમ આ માધ્યમો પુસ્તકાલય થકી જો ઉપયોગ કરવાનું જ્ઞાન કે વલણ અધ્યાપકો અને પ્રશિક્ષાણર્થીઓમાં જોવા મળે તો તેઓ માહિતી સભર બની રહે છે, આમ, અજનો વર્તમાન યુગ અનેક પ્રકારના સંશોધન અને આવિષ્કાર માટે બધા જ પ્રકારના દષ્ટિકોણથી મહત્વપુર્ણ અને ઉપયોગી સાબિત થયેલ છે.

## વિષય પસંદગી

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે "કોવિડ – ૧૯ "લોકડાઉન દરમિયાન લાયબ્રેરી ઉપભોક્તાઓની વાંચન વર્તણુક :સુરત શહેરના સંદર્ભ એક અભ્યાસ "આ વિષય એટલા માટે પસંદ કર્યો છે કે "કોવિડ – ૧૯ લોકડાઉન દરમિયાન ઉપભોક્તાઓને વાંચન માટે પડેલ મુશ્કેલીનો સામનો કેવી રીતે કરવો પડ્યો તેની માહિતી મેળવી શકાય તેમ જ "કોવિડ ૧૯" દરમિયાન જે ઉપભોકતા લાયબ્રેરીમાં જઈ શકવા સમર્થ ન હતા તેઓએ પોતાથી વાંચનભુખ કેવી રીતે સંતોષી તથા જે ઉપભોક્તા લાયબ્રેરીમાં જતા હતા તેઓએ કેવા પડકારોનો સામનો કરવો પડયો એના વિશેની માહિતી મેળવી શકાશે .પ્રસ્તૃત અભ્યાસમાં સુરત શહેરના અલગ - અલગ જાહેર ગ્રંથાલયોના ઉપભોક્તાઓના અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે તેમ જ આ ગ્રંથાલયોના ઉપભોક્તાઓની વાંચન વર્તણુંકને ચકાસવામાં આવી છે .

## અભ્યાસના હેતુઓ

પ્રસ્તુત સંશોધન અભ્યાસના મુખ્ય હેતુઓ નીચે મુજબ છે .

૧' .કોવિડ '૧૯-લોકડાઉન દરમિયાન લાયબ્રેરી ઉપભોકતાઓના વાંચન પર પડતી અસરનો અભ્યાસ કરવો.

૨' .કોવિડ '૧૯-લોકડાઉન દરમિયાન લાયબ્રેરી ઉપભોકતાઓએ પોતાની વાંચનવૃતિ કેવી રીતે સંતોષી તેનો અભ્યાસ કરવો .

૩' .કોવિડ '૧૯-લોકડાઉન દરમિયાન ઉપભોકતાઓએ કેવા કેવા પ્રકારના પડકારનો સામનો કરવો પડ્યો તેનો અભ્યાસ કરવો.

૪' .કોવિડ '૧૯-લોકડાઉન દરમિયાન ઉપભોકતાઓએ કયા પ્રકારના પુસ્તકાલયનો અને કંઈ રીતે ઉપયોગ કર્યો તેનો અભ્યાસ કરવો.

૫' .કોવિડ '૧૯-લોકડાઉન દરમિયાન લાયબ્રેરી ઉપભોકતાઓએ જો લાયબ્રેરીમાં જઈ શકવા સમર્થ નહિ હતા તો એમણે એમની વાંચન ભુખ કંઈ રીતે સંતોષી તેનો અભ્યાસ કરવો .

૬'.કોવિડ '૧૯-લોકડાઉન દરમિયાન લાયબ્રેરી ઉપભોકતાઓની વાંચન વર્તણુક :સુરત શહેરના સંદર્ભ એક અભ્યાસ કરવો.

## સંશોધન પધ્ધતિ

પ્રસ્તૃત સંશોધનમાં "કોવિડ ૧૯ "લોકડાઉન દરમિયાન લાયબ્રેરી ઉપભોક્તાઓની વાંચન વર્તણુક :સુરત શહેરના સંદર્ભ એક અભ્યાસ "ના આધારે લાયબ્રેરી ઉપભોક્તાઓનો લોકડાઉન દરમિયાન પુસ્તકાલયના ઉપયોગ પ્રત્યેના વલણોના અભ્યાસનો હેતુઓ મુખ્ય હેતુઓ ધ્યાનમાં લઈ ભિન્ન ભિન્ન પાસાઓને તાગ મેળવવાનો હોઈ, તેમ જ પ્રસ્તૃત સંશોધનના હેતુઓના સંબંધમાં સંશોધનના પશ્નોના જવાબ મેળવવાના હેતુથી જરૂરી માહિતી પ્રાપ્ત કરવા માટે સંશોધકે વર્ણનાત્મક સંશોધન પધ્ધતિ પૈકી "સર્વેક્ષણ પધ્ધતિનો ઉપયોગ "પ્રશ્નાવલીના માધ્યમથી કર્યો છે .

સર્વેક્ષણ પધ્ધતિમાં "પ્રશ્નાવલી "ના માધ્યમથી લોકડાઉન દરમિયાન લાયબ્રેરીનો ઉપયોગ કરનાર તથા ન કરનાર ઉપભોકતાઓના નામ,જાતિ,ધર્મ, વૈવાહિક દરજ્જો, શિક્ષણનો દરજ્જ, વ્યવસાયનો દરજ્જો, તથા "કોવિડ ૧૯ " દરમિયાન ઉપભોક્તાઓએ પોતાનો વાંચનરસ કઈ રીતે સંતોસ્યો, કઈ રીતે વાંચન કર્યુ, કયા પ્રકારનાં પુસ્તકાલયનો ઉપયોગ કર્યો .વગેરેના પ્રશ્નોના વલણો તથા અભિપ્રાયોનો અંદાજ શોધવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે .સર્વેક્ષણનો મુખ્ય હેતુ "કોવિડ ૧૯ "લોકડાઉન દરમિયાન લાયબ્રેરી ઉપભોક્તાઓએ કેવી રીતે અને કઈ પરિસ્થિતિમાં પુસ્તકાલયનો ઉપયોગ કર્યો તથા કેવા પ્રકારના પડકારોનો સામનો કર્યો અને જો ગ્રંથાલયોમાં ન જઈ શકતા હોય એવા ઉપભોક્તાઓએ પોતાની

વાંચન ભુખ કેવી રીતે સંતોષી વગેરે જેવા વલણોનાં તાગ મેળવવાનો હોય છે પ્રસ્તૃત સંશોધનમાં લાયબ્રેરી ઉપભોક્તાઓએ "કોવિડ ૧૯ "લોકડાઉન દરમિયાન પુસ્તકાલયનો ઉપયોગ પ્રત્યેના વલણો જાણવા સર્વેક્ષણ માટે પ્રશ્નાવલીના માધ્યમથી માહિતી મેળવવાનો પ્રયત્ન કર્યો છે .

## અભ્યાસ વિસ્તાર અને નિદર્શ પધ્ધતિ

પ્રસ્તુત સંશોધનનો વિસ્તાર સુરત શહેર સાથે સંલગ્ન લાયબ્રેરીના ઉપભોક્તાઓ સુધી સીમિત છે .સંશોધન અભ્યાસ માટે બીન સંભાવના આધારિત સુવિધા નિદર્શન ૯૨ ઉપભોક્તાઓને ધ્યાનમાં રાખી .પ્રસ્તુત અભ્યાસ કરવામાં આવ્યો છે .

## માહિતી એકત્રીકરણ

પ્રસ્તૃત અભ્યાસમાં માહિતી એકત્રીકરણ માટે પ્રશ્નાવલી, ઈન્ટરનેટ સર્ફિંગ અને જરૂર પડે તો રૂબરૂ મુલાકાતનો ઉપકરણ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો છે .

## માહિતીનું પૃથ્થકરણ

માહિતીનું પૃથ્થકરણ કરવું અને તેના પરથી અર્થઘટન કરવું તે ઘણો સમય માંગી લે તેવી પ્રક્રીયા છે. જેના માટે ખુબ જ ધીરજ અને ખંતની જરૂર છે એકઠી કરેલી માહિતીનું વર્ગીકરણ કર્યા બાદ પૃથ્થકરણ કરીને તેના આધારે અર્થઘટન કરવાની પ્રક્રીયા સંશોધકના પક્ષે ઘણી મહત્વની બની જાય છે .

પ્રસ્તૃત સંશોધન દ્વારા લાયબ્રેરી ઉપભોક્તા /ઉત્તરદાતા પાસેથી પ્રશ્નાવલી દ્વારા પ્રાપ્ત કરેલ માહિતીનું સંકલન કરી પ્રશ્નાવલીના વિભાગો પ્રમાણે તેમાં સમાવેશ કરેલ પ્રશ્નોને ક્રમાનુસાર પ્રાપ્ત થયેલ હકીકતોનું વર્ણન કુલ સંખ્યા અને કુલ સંખ્યાના ટકા દર્શાવીને પ્રાપ્ત માહિતીનું પૃથ્થકરણ કર્યા બાદ તેને ધ્યાનમાં રાખીને માહિતીનું યોગ્ય અર્થઘટન કરી તેના આધારે યોગ્ય તારણો તારવવામાં આવ્યા છે .

## સુરત શહેરમાં જાહેર પુસ્તકાલયનો વિકાસ અને વિસ્તાર

સુરત દક્ષિણ ગુજરાતના દરિયા કિનારાથી માત્ર ૧૪ કિલો મીટરના અંતરે આવેલું શહેર છે . તથા સુરત જિલ્લાનું વડુ મથક છે . તે તાપી નદીનાં દક્ષિણ તટ પર વસેલું શહેર છે અને તાપીના મુખ પ્રદેશથી ૧૪ કિલોમીટર અંતરે આવેલું છે . સુરત શહેર ગુજરાતનું બીજા ક્રમનું અને ભારતનું નવમાં ક્રમનું મોટું શહેર છે . વસ્તી તેમજ ઔધોગિક ઉત્પાદન પ્રમાણે ગુજરાતમાં અમદાવાદ પછી સુરતનો ક્રમાંક આવે છે વિશ્વના ૯૦ થી ૯૫ ટકા જેટલા હીરા સુરતમાં ઘસીને તૈયાર કરવામાં આવે છે . સુરતનો સૌથી મોટો ઉધોગ કાપડ વણાટ અને ડાંઇગ – પ્રિંટીંગનો છે . સાલ ૨૦૦૮ માં સુરત ૧૬.૫ ટકા જી.ડી.પી સાથે ભારતના સર્વાધિક જી.ડી.પી વિકાસ દર ધરાવતા શહેરોમાંનું એક હતું શહેરી વિકાસ મંત્રાલય પ્રમાણે સુરત ભારતનું ત્રીજા ક્રમનું સૌથી ચોખ્ખુ શહેર અને વિશ્વમાં ચોથા ક્રમનું સૌથી ઝડપથી પ્રગતિ પામતું શહેર છે .

## સુરત શહેરનો ટુંક પરિચય

સુર્યપુર નામથી આદિકાળમાં તાપી નદીના કિનારે વસેલું આ શહેર પહેલા મુઘલો ત્યાર બાદ પોર્ટુગીઝો અને પછી અંગ્રેજો માટે મુખ્ય બંદર બની રહ્યુ . ઐતિહાસિક સંશોધનોને આધારે જાણવા મળ્યુ છે કે શ્રી કૃષ્ણ જયારે મથુરાથી દ્વારકા જતા

હતા, ત્યારે તેમણે સુરતમાં આગમન કર્યુ હતુ તેનો બીજો ઉલ્લેખ સમ્રાટ અશોકનાં સોપારા ) મુંબઇ (અને સૌરાષ્ટ્રના શીલાલેખોમાંથી મળી આવે છે . જેમાં સુર્યપુરને લાટ પ્રદેશનું મુખ્ય નગર ગણવામાં આવ્યુ હતું . ત્યાર બાદ સોલંકીકાળ દરમિયાન તે ગુજરાતનું એક મહત્વનું બંદર બની રહ્યું . ભારત સ્વતંત્રતા પછી પણ ત્રીસેક વર્ષ સુધી સુરત, વડોદરા પછીના ત્રીજા સ્થાને આવતું . ઈ. સ ૧૯૮૦ ના દાયકામાં, પહેલા કાપડ ઉધોગ અને પછી હીરા ઉધોગના વીજવેગી વિકાસને લીધે આજે સુરત ગુજરાતનું જ નહિ, પરતું ભારતનું પણ સૌથી વધુ ઝડપે વિકાસ કરી રહેલું શહેર છે . સુરતને આજે ત્રીજા નંબરનું સ્વચ્છ શહેર ગણાવામાં આવે છે .

ઈ. સ ૧૯૯૪ માં ચોમાસામાં ભારે વરસાદ અને નદીમાં આવેલાં પુરને કારણે શહેરમાં બધે જ મરેલા પશુ પક્ષીઓ પથરાયેલા હતા . મહાનગરપાલિકામાં માણસો તેમજ વાહનોના અભાવે ગંદકી સમયસર સાફ થઈ શકી નહી અને આખરે વીસમી સદીમાં પહેલીવાર બ્યુબોનિક પ્લેગ ફેલાયો . આમ તો ૨૫ લાખની વસ્તીમાં ખાલી ૪૦ જેટલા લોકો જ લોકોને રોગની અસર થઈ પણ આખા દેશમાં એના પડધા પડ્યા હતા . એક જ અઠવાડિયામાં સુરત પોણા ભાગે ખાલી થઈ ગયું હતુ . બીજીવાર ૭ ઓગષ્ટ ૨૦૦૬ એ થયેલી અધ્યાધિક વર્ષા અને નદીમાં આવેલા પુરને લીધે લગભગ આખુ શહેર પાણીમાં ગરકાવ થઇ ગયુ હતું આ વખતનું પુર સુરતનાં ઇતિહાસનું સૌથી વિનાશક પુર હતું આ વિનાશક પુરમાં સુરત શહેરમાં અબજો રૂપિયાનું નુકશાન થયું હતું

સુરતનું આંતરિક હવાઇ મથક ૨૯ અપ્રિલ , ૨૦૦૭ નાં રોજ ખુલ્લુ મુકવામાં આવ્યું, જ્યાંથી પ્રથમ ફ્લાઇટ ૬ મેં , ૨૦૦૭ ના રોજ શરૂ કરવામાં આવી . પહેલા અહીથી ફક્ત દિલ્હીની સીધી સેવાઓ ઉપલબ્ધ હતી . પરંતુ હવે મુંબઈની રોજની હવાઇ સેવા પણ શરૂ કરાયેલ છે . સુરતનાં લોકો ખાવા – પીવાના શોખીન છે, માટે કહેવત છે કે "સુરતનું જમણ અને કાશીનું મરણ "હાલમાં સુરતના હીરા ઉધોગ વિશ્વભરમાં જાણીતા છે .

સુરતનાં ભવિષ્યના પ્રોજેક્ટ

- રીવરફ્રંન્ટ યોજના
- દિલ્હીગેટ ફ્લાયઓવર બ્રીજ
- સુરત મેટ્રો – આ પ્રોજેક્ટ કેંદ્ર સરકારે ૨૦૧૯ માં મંજુર કર્યો છે .

## સુરત નગરી

સુરત નગરી અલબેલી કહેવાય છે . કેમકે તેનો ઈતિહાસ ઘણો રોમાંચક છે . સુરત એ ઘણા સમર્થ પુરુષોની માતા બની છે . સુરત ગમે તેવું હશે “ , **અને ગમે તેવું તો છે જ** ”એની કલ્પના કરવી એટલે કે તે અલકમલક નગરી જેવી લાગે . સુરત તો ભૂતકાળથી જ નહિ પણ સૈકાઓથી અલબેલી નગરી જેવી લાગે છે અને ગણી પણ છે , સુરત તો ગુજરાની લાડલી નગરી ગણાય છે . તેનો બાહ્ય દેખાવ જ તો લોકો ને ખુબ આકર્ષે છે . સુરત એ પોતાના રીતનું ગુજરાત જ નહિ પણ દુનિયાનું એક અજોડ નગર છે . સુરતની અસ્મિતા અને તેના ચરિત્રને ઘડવામાં સુરતના સમૃદ્ધ ઈતિહાશનું મોટું યોગદાન છે . સુરતમાં ઘણા પરિવર્તનો આવ્યા તેમજ ઘણી ચઢતી પડતી ઓના અનુભવો કર્યા છે . છતાં પણ

સુરતતો સુરત જ છે . અને ઘણા બધા પરિવર્તનોની સાથે પણ સુરતીઓની સુરતપ્રીતિ યથાવત જ રહેલી છે . આવી ઘણી આગવી લાક્ષણિકતા ઓને કારણે જ સુરત ને **"સુરત સોનાની મુરત "** કહી છે . સુરતની પ્રાચીનતા તેમજ તાપી નદીનો કિનારો સુરતની સોનાની મુરતની સ્પષ્ટ કરી સુંદર રીતે વ્યક્ત કરીને તેનું દર્શન કરાવે છે . સુરતમાં ઘણી એવી વસ્તુઓ છે જેની સ્થાપના અંગ્રેજો ના સમયે થઈ હતી તેમાં ગ્રંથાલયોનો પણ સમાવેશ થાય છે આ અર્વાચીન યુગના ગ્રંથાલયોમાં ત્રણ ગ્રંથાલયો છે જેમકે,

૧ (વર્નાક્યુલર સોસાયટીનું પુસ્તકાલય ૧૮૪૮

૨ (હિમાભાઈ ઈન્સ્ટીટ્યુટ નેટીવ લાયબ્રેરી ૧૮૪૯

૩ (ધી એન્ડ્રુઝ લાયબ્રેરી ૧૮૫૦

## સુરતમાં પુસ્તકાલય પ્રવૃત્તિનો ઈતિહાસ

સાર્વજનીક પુસ્તકાલય એટલે લોકો માટે લોકો દ્વારા ચાલતું પુસ્તકાલય . સાર્વજનિક ગ્રંથાલયોમાં પહેલાના સમયમાં લોકો પુસ્તકોની આપ લે તેમજ તેનું વાંચન કરવા માટે આવતા તથા સામયિકો , છાપા વગેરે માટે આવતા હતા . પરંતુ , હવે એવું નથી રહ્યું હવે લોકોની અંદર ઘણી જાગૃતા છે . હવે લોકો તેનાથી થોડું આગળ વધી ગયા અને ઈન્ટરનેટના યુગમાં ઝડપી કામોને લીધે હવે આવા ગ્રંથાલયો પણ ઝડપી માંહીતીનું અદાન પ્રદાન તેમજ જરૂરી સામગ્રીઓ , જોઈતી માહિતીઓ સમય ન બગડે તેનું ધ્યાન રાખીને વાચકની માંગને સતોષવાનો પ્રયત્નો કરતા થઈ ગયા છે .

ગુજરાત રાજ્યના પુસ્તકાલય પ્રવૃત્તિનો પ્રારંભ સુરત જિલ્લાથી થયો હતો અને તેનું શ્રેય રવેરંડ કર જેવા 'મીશનરીને 'અને 'ફાર્બસ 'જેવા ઉત્સાહી અંગ્રેજ કલેક્ટરને ફાળે જાય છે .આ અધિકારીઓએ તાલુકામાં અને અન્યત્ર પુસ્તકાલયો સ્થાપવા પ્રોત્સાહન આપ્યું હતું ,તેમજ ઘણા ખાનગી પુસ્તકાલયો શરૂ થયાં હતાં .ફક્ત સુરત શહેરમાં જ ૧૩ જેટલાં પુસ્તકાલયો હતાં .આ સિવાય સર્વશ્રી ઈન્દુલાલ યાજ્ઞિક ,મોતીભાઈ અમીન ,સર પુરુષોતમદાસ ઠાકુરદાસ તથા કેટલાક જાગૃત નાગરિકોએ પુસ્તકાલયો તથા ફરતા પુસ્તકાલયો માટે દાન મેળવી કે દાન આપીને આ પ્રવૃત્તિને વિકસાવી હતી.

## સુરતમાં SMC સિવાયના સાર્વજનિક પુસ્તકાલયો

1. Andrews Library, Chowk Bazar.
2. Parasi Library, Athugar Street, Nanpura.
3. Hindustani Prachar Samiti Pustakalaya, Kongress Bhavan, Soni Falia.
4. Rashtrabhasha Pracharak Mandal, Kapatia Chakla.
5. Vitthalwadi Reading Room.
6. Surat General Hospital Library, Balaji Road.
7. Jain Library, Gopipura, Main Road.
8. Sagrampura Free Library, Haladia Street, Sagrampura.
9. Janseva Sangh, Salabatpura.
10. Zampa Bazar Pragati Mandal, Zampa Bazar.

11. Kamala Muslim Library, Saudagarwad.
12. Muslim Library, Saiyedpura.
13. Rustompura Parasi Library, Rustampura.
14. Suryapur Sanskrit Pathshala, Amaliran.
15. Adajan Library, Adajan.
16. Begumpura Pragati Mandal Pustakalaya, Behgumpura.
17. Kamdar Kalyan Pustakalaya, Near Moti Talkies.
18. Nashabandhi Sanskar Kendra, Chalamwad Pustakalaya, Chalamwad, Salabatpura.
19. Savedgiya Vikas Mandal Library, Moti Fali, Rander.
20. Shri Kelavni Mandal Pustakalaya Parekh Street, Rander.
21. Akhil Hind Mahil Parishad Pustakalaya, Limda Chowk.
22. Katargam Sarvajanik Pustakalaya, Katargam.
23. Mehfil Islam Kutubkhana Library, Rander.
24. Government Library, Bibi-ni-wadi, Saiyedpura.
25. Kutubkhana Sadakiya Nana Bazar, Rander.
26. Shri Kanjibhai Samaj Bhavan Chowk.
27. J.D.Gabani Library and D.B.Tejani Reading Room, Varachha.

સુરત શહેરમાં SMC સિવાય અન્ય ૨૭ જેટલા સાર્વજનિક પુસ્તકાલયો આવેલા છે જેમાં એન્ડ્રુઝ પુસ્તકાલય ઘણુંજ જુનું પુસ્તકાલય છે .

**કોવિડ ૧૯' લોકડાઉન દરમિયાન લાયબ્રેરી ઉપભોક્તાઓની વાંચન વર્તાણુંકનો અભ્યાસ**

ગુજરાત રાજ્યના પુસ્તકાલય પ્રવૃત્તિનો પ્રારંભ સુરત જિલ્લાથી થયો હતો અને તેનું શ્રેય રવેરંડ કર જેવા 'મીશનરીને ' અને 'ફાર્બસ 'જેવા ઉત્સાહી અંગ્રેજ કલેક્ટરને ફાળે જાય છે .આ અધિકારીઓએ તાલુકામાં અને અન્યત્ર પુસ્તકાલયો સ્થાપવા પ્રોત્સાહન આપ્યું હતું ,તેમજ ઘણા ખાનગી પુસ્તકાલયો શરૂ થયાં હતાં .ફક્ત સુરત શહેરમાં જ ૧૩ જેટલાં પુસ્તકાલયો હતાં .આ સિવાય સર્વશ્રી ઈન્દુલાલ યાજ્ઞિક ,મોતીભાઈ અમીન ,સર પુરુષોતમદાસ ઠાકુરદાસ તથા કેટલાક જાગૃત નાગરિકોએ પુસ્તકાલયો તથા ફરતા પુસ્તકાલયો માટે દાન મેળવી કે દાન આપીને આ પ્રવૃત્તિને વિકસાવી હતી . પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં "કોવિડ ૧૯ "લોકડાઉન દરમિયાન લાયબ્રેરી ઉપભોક્તાઓની વાંચન વર્તાણુંક, સામાજિક, આર્થિક સ્થિતિનો અભ્યાસ કરવામાં આવ્યો છે .

### ઉત્તરદાતાઓની જાતિ પ્રમાણેની વિગત

"કોવિડ ૧૯ "લોકડાઉન દરમિયાન લાયબ્રેરી ઉપભોક્તાઓ પાસેથી તેમની કુટુંબની માહિતી મેળવવામાં આવી છે .

**ગ્રાફ નં - ૧ : ઉતરદાતાઓની જાતિ પ્રમાણેની વિગત**




| | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|
| કંપન સંખ્યા | ૭૩ | ૧૯ | ૯૨ |
| ટકાવારી | ૭૯.૩ | ૨૦.૭ | ૧૦૦ |

ઉપરોક્ત ગ્રાફનું અર્થઘટન કરતાં માલુમ પડે છે કે, ઉત્તરદાતાઓની જાતિ પ્રમાણેની વિગતમાં પુરૂષની સંખ્યા ૭૩ એટલે કે ૭૯.૩ ટકા, સ્ત્રીઓની સંખ્યા ૧૯ એટલે કે ૨૦.૭ ટકા , આમ કુલ ઉત્તરદાતાઓની સંખ્યા ૯૨ એટલે કે ૧૦૦ ટકા છે . પુરૂષ ઉત્તરદાતાઓની સંખ્યાનું પ્રમાણ સૌથી વધુ ૭૩ છે.

### ઉત્તરદાતાઓની વય પ્રમાણેની વિગત

ઉપરોકત સારણીમાં ઉત્તરદાતાઓની ઉંમરની માહિતી દર્શાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. કુલ ૯૨ ઉત્તરદાતાઓના વાંચકોની જેમાં ન્યુનતમ ઉંમર ૧૫, મહત્તમ વય ૫૩, અને સરેરાશ વય ૨૫.૯૩ જોવા મળી છે .

### ઉત્તરદાતાઓના શિક્ષણના દરજ્જાની વિગત

ઉત્તરદાતાઓનું શિક્ષણ જાણવું મહત્વનું બને છે શિક્ષણની ભુમિકા દેશના વિકાસમાં ખાસ કરીને માનવમૂડીના નિર્માણમાં ખુબ જ મહત્વની રહેલી છે .

**સારણી નં : ૧ ઉતરદાતાઓના શિક્ષણના દરજ્જાની વિગત**

| વિગત | કંપન સંખ્યા | ટકાવારી |
|---|---|---|
| પ્રાથમિક | ૧ | ૧.૧ |
| માધ્યમિક | ૧ | ૧.૧ |
| ઉચ્ચતર માધ્યમિક | ૧૮ | ૧૯.૬ |
| સ્નાતક | ૩૧ | ૩૩.૭ |
| અનુ સ્નાતક | ૨૫ | ૨૭.૨ |
| એમ. ફિલ | ૧ | ૧.૧ |
| ડોક્ટરેટ | ૧૩ | ૧૪.૧ |
| અન્ય | ૨ | ૨.૨ |
| કુલ | ૯૨ | ૧૦૦ |

સ્ત્રોત : ક્ષેત્રકાર્ય દરમિયાન પ્રાપ્ત માહિતીના આધારે

ઉપરોક્ત સારણી નું અર્થઘટન કરતાં જાણવા મળે છે કે ઉત્તરદાતાઓના શિક્ષણનાં દરજ્જાની વિગતમાં નિરક્ષરની સંખ્યા ૦ છે, પ્રાથમિકની સંખ્યા ૧ એટલે કે ૧.૧ ટકા, માધ્યમિકની સંખ્યા ૧ એટલે કે, ૧.૧ ટકા, ઉચ્ચતર માધ્યમિકની સંખ્યા ૧૮ એટલે કે ૧૯.૬ ટકા, સ્નાતકની સંખ્યા ૩૧ એટલે કે ૩૩.૭ ટકા, અનુસ્નાતકની સંખ્યા ૨૫ એટલે કે ૨૭.૨ ટકા, એમ.ફીલની સંખ્યા ૧ એટલે કે ૧.૧ ટકા, ડોક્ટરેટની સંખ્યા ૧૩ એટલે કે ૧૪.૧ ટકા, અને અન્યની સંખ્યા ૨ એટલે કે ૨.૨ ટકા છે .આમ, કુલ ઉત્તરદાતાઓની સંખ્યા ૯૨ એટલે કે ૧૦૦ ટકા છે જેમાં સ્નાતક ઉત્તરદાતાઓની સંખ્યાનું પ્રમાણ સૌથી વધુ ૩૧ છે.

**ઉત્તરદાતાઓના વ્યવસાયના દરજ્જાની વિગત**

પ્રસ્તુત અભ્યાસમાં કોવિડ ૧૯ દરમિયાન લાયબ્રેરી ઉપભોક્તાઓ કેવા પ્રકારનાં વ્યવસાય સાથે જોડાયેલા છે તે જાણવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે .

**સારણી નં :૨ ઉતરદાતાઓના વ્યવસાયના દરજ્જાની વિગત**

| **વિગત** | **કંપન સંખ્યા** | **ટકાવારી** |
|---|---|---|
| સરકારી નોકરી | ૬ | ૬.૫ |
| અર્ધ સરકારી નોકરી | ૪ | ૪.૩ |
| ખાનગી નોકરી | ૨૧ | ૨૨.૮ |
| ધંધાદારી | ૦ | ૦.૦ |
| ઘરકામ | ૨ | ૨.૨ |
| વિધાર્થી | ૫૯ | ૬૪.૧ |
| અન્ય | ૦ | ૦.૦ |
| કુલ | ૯૨ | ૧૦૦ |

સ્ત્રોત :ક્ષેત્રકાર્ય દરમિયાન પ્રાપ્ત માહિતીના આધારે

ઉપરોક્ત સારણીમાં જોતા જણાઈ આવે છે કે ઉત્તરદાતાઓના વ્યવસાયના દરજ્જાની વિગતમાં સરકારી નોકરી કરતાં ઉત્તરદાતાઓની સંખ્યા ૬ એટલે કે ૬.૫ ટકા અર્ધ સરકારી નોકરી કરતાં ઉત્તરદાતાઓની સંખ્યા ૪ એટલે કે ૪.૩ ટકા, ખાનગી નોકરી કરતાં ઉતરદાતાઓની સંખ્યા ૨૧ એટલે કે ૨૨.૮ ટકા, ધંધાદારીઓની સંખ્યા ૦ એટલે કે ૦.૦ ટકા, ઘરકામ કરતાં ઉતરદાતાઓની સંખ્યા ૨ એટલે કે ૨.૨ ટકા, વિધાર્થીઓની સંખ્યા ૫૯ એટલે કે ૬૪.૧ ટકા, અન્યની સંખ્યા ૦ એટલે કે ૦.૦ ટકા છે જેમાં વિધાર્થીઓની સંખ્યાનું પ્રમાણ સૌથી વધુ ૫૯ છે.

**ઉત્તરદાતાઓએ દિવસ દરમિયાન વાંચન / મહામારીમાં કેટલા પુસ્તકોનું વાંચન /કેટલા વર્ષોથી પુસ્તકાલયનો ઉપયોગ કરો છો તેની વિગત**

**સારણી નં :૩ ઉત્તરદાતાઓની દિવસ દરમિયાન વાંચન માટે સમય કેટલો ફાળવ્યો તેની વિગત**

| **વિગત** | **કુલ સભ્યો** | **ન્યુનત્તમ** | **મહત્તમ** | **સરેરાશ** |
|---|---|---|---|---|
| દિવસમાં કેટલો સમય વાંચન કર્યો | ૯૨ | ૦૦ | ૧૫ | ૩.૨૭ |
| કોરોના મહામારીમાં કેટલા પુસ્તકોનું વાંચન કર્યુ | ૯૨ | ૦૦ | ૨૦ | ૪.૧૧ |
| કેટલા વર્ષોથી પુસ્તકાલયનો ઉપયોગ કરો છો . | ૯૨ | ૧ | ૩૦ | ૫.૯૨ |
| સામાન્ય રીતે રોજ કેટલા કલાક વાંચન કરો છો | ૯૨ | ૦૦ | ૧૨ | ૩.૬૦ |

સ્ત્રોત :ક્ષેત્રકાર્ય દરમિયાન પ્રાપ્ત માહિતીના આધારે

ઉપરોક્ત સારણી કોવિડ ૧૯ દરમિયાન વાચકોએ દિવસ દરમિયાન વાંચન માટે સમય કેટલો ફાળવ્યો છે જેની વિગત દર્શાવવામાં આવી છે . દિવસમાં વાંચન માટે કેટલો સમય ન્યુનત્તમ ૦૦, મહત્તમ ૧૫ કલાક, સરેરાશ ૩.૨૭ કલાક જોવા મળે છે . કોરોના મહામારી દરમિયાન કેટલા પુસ્તકોનું વાંચન કર્યુ ન્યુનત્તમ ૦૦, મહત્તમ ૧૫ પુસ્તકો, સરેરાશ ૩.૨૭ પુસ્તકોનું વાંચન કર્યુ, કેટલા વર્ષોથી પુસ્તકાલયનો ઉપયોગ કરો છો ન્યુનત્તમ ૧ એકવર્ષથી, મહત્તમ ૩૦ વર્ષથી, સરેરાશ ૫.૯૨ વર્ષથી, સમાન્ય રીતે રોજ કેટલા કલાક વાંચન કરો છો ન્યનતમ ૦૦, મહત્તમ ૧૨ કલાક જોવા મળે છે .

**ઉત્તરદાતાઓ સામાન્ય દિવસો દરમિયાન પુસ્તકો વાંચવામાં રસ દાખવે છે કે જેની વિગત**

પ્રસ્તૃત અભ્યાસમાં કોવિડ ૧૯ દરમિયાન લાયબ્રેરી ઉપભોક્તાઓ સામાન્ય દિવસો દરમિયાન પુસ્તકો વાંચવામાં રસ દાખવે છે કે જેની વિગત દર્શાવવામાં આવી છે .

**સારણી નં :૪ ઉતરદાતાઓ સામાન્ય દિવસો દરમિયાન પુસ્તકો વાંચવામાં રસ દાખવે છે કે જેની વિગત**

| વિગત | કંપન સંખ્યા | ટકાવારી |
|---|---|---|
| હા | ૯૦ | ૯૭.૮ |
| ના | ૨ | ૨.૨ |
| કુલ | ૯૨ | ૧૦૦ |

સ્ત્રોત :ક્ષેત્રકાર્ય દરમિયાન પ્રાપ્ત માહિતીના આધારે

ઉપરોક્ત સારણીનું અર્થઘટન કરતાં જણાઇ આવે છે કે ઉત્તરદાતાઓ સમાન્ય દિવસો દરમિયાન પુસ્તકો વાંચવામાં રસ છે . જો "હા"તો તેવા ઉત્તરદાતાઓની સંખ્યા ૧૦ એટલે કે ૯૭.૮ ટકા અને જો "ના "તો તેવા ઉત્તરદાતાઓની સંખ્યા ૨ એટલે કે ૨.૨ ટકા છે . આમ કુલ ઉત્તરદાતાઓની સંખ્યા ૯૨ એટલે કે ૧૦૦ ટકા છે . જેમાં સામાન્ય દિવસો દરમિયાન પુસ્તકો વાંચવામાં રસ દાખવતા હોય એવા ઉત્તરદાતાઓની સંખ્યાનું પ્રમાણસૌથી વધુ ૯૦ છે .

**ઉત્તરદાતાઓ વાંચન દરમિયાન કયા પ્રકારનું સાહિત્યનો ઉપયોગ કરે છે તેની માહિતી દર્શાવાતી વિગત**

પ્રસ્તૃત અભ્યાસમાં કોવિડ ૧૯ દરમિયાન લાયબ્રેરી ઉપભોક્તાઓ વાંચન દરમિયાન કયા પ્રકારનું સાહિત્યનો ઉપયોગ કરે છે જેનો અભ્યાસ કરવામાં આવ્યો છે .

**સારણી નં :૫ ઉતરદાતાઓ વાંચન દરમિયાન ક્યા પ્રકારનું સાહિત્યનો ઉપયોગ કરે છે જેની વિગત**

| વિગત | કંપન સંખ્યા | ટકાવારી |
|---|---|---|
| છાપેલ ) પ્રિન્ટીંગ (સાહિત્ય | ૧૯ | ૨૦.૭ |
| ઈ – સાહિત્ય | ૧૭ | ૧૮.૫ |
| બંન્ને | ૫૬ | ૬૦.૯ |
| કુલ | ૯૨ | ૧૦૦ |

સ્ત્રોત :ક્ષેત્રકાર્ય દરમિયાન પ્રાપ્ત માહિતીના આધારે

ઉપરોક્ત સારણીનું અર્થઘટન કરતાં જણાઇ આવે છે કે ઉત્તરદાતાઓના વાંચન દરમિયાન ઉપયોગમાં લેવામાં આવેલ સાહિત્યમાં છાપેલ પ્રિન્ટીંગ સાહિત્યનો ઉપયોગ કરતાં ઉત્તરદાતાઓની સંખ્યા ૧૯ એટલે કે ૨૦.૭ ટકા, ઈ–સાહિત્યનો ઉપયોગ કરતાં ઉત્તરદાતાઓની સંખ્યા ૧૭ એટલે કે ૧૮.૫ ટકા, બન્ને સાહિત્યનો ઉપયોગ કરતાં ઉત્તરદાતાઓની

સંખ્યા ૫૬ એટલે કે ૬૦.૯ ટકા છે .આમ કુલ ઉત્તરદાતાઓની સંખ્યા ૯૨ એટલે કે ૧૦૦ ટકા છે, જેમાં છાપેલ સાહિત્ય અને ઈ –સાહિત્ય એમ બન્ને પ્રકારના સાહિત્યનો ઉપયોગ કરતાં ઉત્તરદાતાઓની સંખ્યાનું પ્રમાણ સૌથી વધુ ૫૬ છે .

**ઉત્તરદાતાઓએ કોવિડ ૧૯ મહામારી સમય દરમિયાન પુસ્તકોના વાંચન માટે સમય ફાળવ્યો હતો જેની વિગત**

**સારણી નં :૬ ઉતરદાતાઓએ કોવિડ ૧૯ મહામારી સમય દરમિયાન પુસ્તકોના વાંચન માટે સમય ફાળવ્યો હતો કે જેની વિગત**

| વિગત | કંપન સંખ્યા | ટકાવારી |
|---|---|---|
| હા | ૮૮ | ૯૪.૬ |
| ના | ૪ | ૪.૩ |
| કુલ | ૯૨ | ૧૦૦ |

સ્ત્રોત :ક્ષેત્રકાર્ય દરમિયાન પ્રાપ્ત માહિતીના આધારે

ઉપરોક્ત સારણીનું અર્થઘટન કરતાં માલુમ પડે છે કે ઉત્તરદાતાઓએ કોવિડ ૧૯ મહામારી સમય દરમિયાન પુસ્તકોનાં વાંચન માટે સમય ફાળવ્યો હતો જો "હા "તો તેવા ઉત્તરદાતાઓની સંખ્યા ૮૮ એટલે કે ૯૪.૬ ટકા અને "ના " હોય તેવા ઉત્તરદાતાઓની સંખ્યા ૪ એટલે કે ૪.૩ ટકા છે આમ, કુલ ઉત્તરદાતાઓની સંખ્યા ૯૨ એટલે કે ૧૦૦ ટકા છે, જેમાં કોવિડ ૧૯ મહામારી સમય દરમિયાન પુસ્તકો વાંચન માટે સમય ફાળવ્યો હોય એવા ઉત્તરદાતાઓની સંખ્યાનું પ્રમાણ સૌથી વધુ ૮૮ છે .

**ઉત્તરદાતાઓને "કોવિડ ૧૯ "દરમિયાન પુસ્તકાલયનો ઉપયોગ કરવા મળ્યો હતો જેની વિગત**

**સારણી નં :૭ ઉતરદાતાઓને કોવીડ ૧૯ દરમિયાન પુસ્તકાલયનો ઉપયોગ કરવા મળ્યો હતો કે જેની વિગત**

| વિગત | કંપન સંખ્યા | ટકાવારી |
|---|---|---|
| હા | ૧૦ | ૧૦.૯ |
| ના | ૭૮ | ૮૪.૮ |
| ખબર નથી | ૪ | ૪.૩ |
| કુલ | ૯૨ | ૧૦૦ |

સ્ત્રોત :ક્ષેત્રકાર્ય દરમિયાન પ્રાપ્ત માહિતીના આધારે

ઉપરોક્ત સારણીનું અર્થઘટન કરતાં માલુમ પડે છે કે કોવિડ ૧૯ દરમિયાન પુસ્તકાલયનો ઉપયોગ કરવા મળ્યો હોય અને જો "હા "તો તેવા ઉત્તરદાતાઓની સંખ્યા ૧૦ એટલે કે ૧૦.૯ છે જો "ના "હોય એવા ઉત્તરદાતાઓની સંખ્યા ૭૮ એટલે કે ૮૪.૮ ટકા છે, જે ઉત્તરદાતાઓની "ખબર નથી "એવા ઉત્તરદાતાઓની સંખ્યા ૪ એટલે કે ૪.૩ છે, આમ, કુલ ઉત્તરદાતાઓની સંખ્યા ૯૨ એટલે કે ૧૦૦ ટકા છે જેમાં ઉત્તરદાતાઓની કોવિડ ૧૯ દરમિયાન ગ્રંથાલનો ઉપયોગ કરવા મળ્યો નથી તેઓની સંખ્યાનું પ્રમાણ સૌથી વધુ ૭૮ છે.

**ઉત્તરદાતાઓને કોવિડ ૧૯ દરમિયાન પુસ્તકાલયનો ઉપયોગ કરવા મળ્યો હતો તો કેવી રીતે કર્યો જેની વિગત**

| સારણી નં :૮ ઉતરદાતાઓને કોવીડ ૧૯ દરમિયાન પુસ્તકાલયનો ઉપયોગ કરવા મળ્યો હતો તો કેવી રીતે કર્યો જેની વિગત | | |
|---|---|---|
| વિગત | કંપન સંખ્યા | ટકાવારી |
| અઠવાડિયામાં એક દિવસ પુસ્તકાલયમાં જઈને | ૧૭ | ૧૮.૫ |
| ગ્રંથપાલ ઘરે આવી પુસ્તકો આપી જતા | ૧૮ | ૧૯.૬ |
| પુસ્તકાલયનો ઉપયોગ કર્યો ન હતો | ૩૦ | ૩૨.૬ |
| અન્ય | ૨૭ | ૨૯.૩ |
| કુલ | ૯૨ | ૧૦૦ |
| સ્ત્રોત :ક્ષેત્રકાર્ય દરમિયાન પ્રાપ્ત માહિતીના આધારે | | |

ઉપરોક્ત સારણીનું અર્થઘટન કરતાં માલુમ પડે છે કે કોવિડ ૧૯ દરમિયાન અઠવાડિયામાં એક દિવસ પુસ્તકાલયમાં જઈને ઉપયોગ કરવા મળ્યો હોય એવા ઉત્તરદાતાઓની સંખ્યા ૧૭ એટલે કે ૧૮.૫ ટકા, પુસ્તકાલય ઘરે આવી પુસ્તકો આપી જતા હોય એવા ઉત્તરદાતાઓની સંખ્યા ૧૮ એટલે કે ૧૯.૬ ટકા, પુસ્તકાલયનો ઉપયોગ ન કર્યો હોય એવા એવા ઉત્તરદાતાઓની સંખ્યા ૩૦ એટલે કે ૩૨.૬ ટકા, અને અન્ય ઉત્તરદાતાઓની સંખ્યા ૨૭ એટલે કે ૨૯.૩ ટકા છે આમ કુલ ઉત્તરદાતાઓની સંખ્યા ૯૨ એટલે કે ૧૦૦ ટકા છે જેમાં "કોવિડ ૧૯ "દરમિયાન પુસ્તકાલયનો ઉપયોગ કર્યો ન હોય એવા ઉત્તરદાતાઓની સંખ્યાનું પ્રમાણ સૌથી વધુ ૩૦ છે .

**ઉત્તરદાતાઓએ કોવિડ ૧૯ દરમિયાન કયા પ્રકારના ઈ – સાહિત્યનો ઉપયોગ કર્યો છે જેની વિગત**




ઉપરોક્ત ગ્રાફનું અર્થઘટન કરતાં માલુમ પડે છે કે ઉત્તરદાતાઓને કોવિડ ૧૯ દરમિયાન ઈ – સાહિત્યનો ઉપયોગ કર્યો હોય અને જો "હા "હોય એવા ઉત્તરદાતાઓની સંખ્યા ૭૦ એટલે કે ૭૬.૧ ટકા," ના "હોય એવા ઉત્તરદાતાઓની સંખ્યા ૧૬ એટલે કે ૧૭.૪ ટકા, કોઈ પણ ઈ – સાહિત્યનો ઉપયોગ કર્યો ન હોય એવા ઉત્તરદાતાઓની સંખ્યા ૬ એટલે કે ૬.૫ ટકા છે આમ,કુલ ઉત્તરદાતાઓની સંખ્યા ૯૨ એટલે ૧૦૦ ટકા છે જેમાં કોવિડ ૧૯ દરમિયાન ઈ – સાહિત્યનો ઉપયોગ કર્યો હોય તેવા ઉત્તરદાતાઓની સંખ્યાનું પ્રમાણ સૌથી વધુ ૭૦ છે .

**ઉતરદાતાઓને કોવીડ ૧૯ દરમિયાન આપના ઘરમાં પુરતા પ્રમાણમાં પુસ્તકો ઉપલબ્ધ હતા કે જેની વિગત**

| **સારણી નં :૯ ઉતરદાતાઓને કોવીડ ૧૯ દરમિયાન આપના ઘરમાં પુરતા પ્રમાણમાં પુસ્તકો ઉપલબ્ધ હતા કે જેની વિગત** | | |
|---|---|---|
| **વિગત** | **કંપન સંખ્યા** | **ટકાવારી** |
| હા | ૬૪ | ૬૯.૬ |
| ના | ૨૮ | ૩૦.૪ |
| કુલ | ૯૨ | ૧૦૦ |
| સ્ત્રોત :ક્ષેત્રકાર્ય દરમિયાન પ્રાપ્ત માહિતીના આધારે | | |

ઉપરોક્ત સારણીનું અર્થઘટન કરતાં માલુમ પડે છે કે કોવિડ ૧૯ દરમિયાન ઉત્તરદાતાના ઘરમાં પુરતા પ્રમાણમાં પુસ્તકો ઉપલબ્ધ હતા જો "હા "હોય તેવા ઉત્તરદાતાઓની સંખ્યા ૬૪ એટલે કે ૬૯.૬ ટકા," ના "હોય એવા ઉત્તરદાતાઓની સંખ્યા ૨૮ એટલે કે ૩૦.૪ ટકા છે .કુલ ઉત્તરદાતાઓની સંખ્યા ૯૨ એટલે કે ૧૦૦ ટકા છે . જેમાં કોવિડ ૧૯ દરમિયાન ઘરમાં પુરતાં પ્રમાણમાં પુસ્તકો ઉપલબ્ધ હતા એવા ઉત્તરદાતાની સંખ્યાનું પ્રમાણ સૌથી વધુ ૬૪ છે .

**ઉતરદાતાઓને લાયબ્રેરી વાંચન એ ઉત્તમ સ્થળ છે એવુ માને છે કે જેની વિગત**




ઉપરોક્ત ગ્રાફનું અર્થઘટન કરતાં માલુમ પડે છે કે ઉત્તરદાતા લાયબ્રેરી વાંચન એ ઉત્તમ સ્થળ છે એવુ માને છે કે જો " હા "હોય એવા ઉત્તરદાતા ૯૦ એટલે કે ૯૭.૮," ના "હોય એવા ઉત્તરદાતાઓની સંખ્યા ૨ એટલે કે ૨.૨, આમ, કુલ ઉત્તરદાતાઓની સંખ્યા ૯૨ એટલે કે ૧૦૦ ટકા છે, જેમાં લાયબ્રેરી વાંચન એ ઉત્તમ સ્થળ છે એવું માનતા ઉત્તરદાતાઓની સંખ્યાનું પ્રમાણ સૌથી વધુ ૯૦ છે .

**ઉત્તરદાતાને કોવિડ ૧૯ દરમિયાન પુસ્તકાલયનો ઉપયોગ કરવા મળ્યો હતો અને જો હા તો પુસ્તકાલયનો ઉપયોગ કેવી રીતે કર્યો તે વચ્ચેના સંબંધનું વર્ગીકરણ દર્શાવતી વિગત**

| સારણી નં.૧૦ ઉત્તરદાતાને કોવિડ ૧૯ દરમિયાન પુસ્તકાલયનો ઉપયોગ કરવા મળ્યો હતો અને જો હા તો પુસ્તકાલયનો ઉપયોગ કેવી રીતે કર્યો તે વચ્ચેના સંબંધનું વર્ગીકરણ દર્શાવતી વિગત | | | | | | |
|---|---|---|---|---|---|---|
| વિગત | | હા તો પુસ્તકાલયનો ઉપયોગ કેવી રીતે કર્યો તે વચ્ચેના સંબંધનું વર્ગીકરણ દર્શાવતી વિગત | | | | |
| કોવિડ ૧૯ દરમિયાન પુસ્તકાલયનો ઉપયોગ કરવા મળ્યો હતો કે | | અઠવાડિયામાં એક દિવસ પુસ્તકાલયમાં જઈને | ગ્રંથપાલ ઘરે આવી પુસ્તકો આપી જતા | પુસ્તકાલયનો ઉપયોગ કર્યો ન હતો | અન્ય | કુલ |
| હા | સંખ્યા | ૫ | ૨ | ૩ | ૦ | ૧૦ |
| | ટકા ) પંક્તિમાં ( | ૫૦.૫ | ૨૦.૦ | ૩૦.૦ | ૦.૦ | ૧૦૦ |
| | ટકા) સ્તંભમાં ( | ૨૯.૪ | ૧૧.૧ | ૧૦.૦ | ૦.૦ | ૧૦.૯ |
| | ટકા ) કુલમાંથી ( | ૫.૪ | ૨.૨ | ૩.૩ | ૦.૦ | ૧૦.૯ |
| ના | સંખ્યા | ૧૧ | ૧૫ | ૨૬ | ૨૬ | ૭૮ |
| | ટકા) પંક્તિમાં ( | ૧૪.૧ | ૧૯.૨ | ૩૩.૩ | ૩૩.૩ | ૧૦૦ |
| | ટકા) સ્તંભમાં ( | ૬૪.૭ | ૮૩.૩ | ૮૬.૭ | ૯૬.૩ | ૮૪.૮ |
| | ટકા) કુલમાંથી ( | ૧૨.૦ | ૧૬.૩ | ૨૮.૩ | ૨૮.૩ | ૮૪.૮ |
| ખબર નથી | સંખ્યા | ૧ | ૧ | ૧ | ૧ | ૪ |
| | ટકા) પંક્તિમાં ( | ૨૫.૦ | ૨૫.૦ | ૨૫.૦ | ૨૫.૦ | ૧૦૦ |
| | ટકા) સ્તંભમાં ( | ૫.૯ | ૫.૬ | ૩.૩ | ૩.૭ | ૪.૩ |
| | ટકા) કુલમાંથી ( | ૧.૧ | ૧.૧ | ૧.૧ | ૧.૧ | ૪.૩ |
| કુલ | સંખ્યા | ૧૭ | ૧૮ | ૩૦ | ૨૭ | ૯૨ |
| | ટકા) પંક્તિમાં ( | ૧૮.૫ | ૧૯.૬ | ૩૨.૬ | ૨૯.૩ | ૧૦૦ |
| | ટકા) સ્તંભમાં ( | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ |
| | ટકા) કુલમાંથી ( | ૧૮.૫ | ૧૯.૬ | ૩૨.૬ | ૨૯.૩ | ૧૦૦ |

ઉપરોક્ત સારણીમાં ઉત્તરદાતાને કોવિડ ૧૯ દરમિયાન પુસ્તકાલયનો ઉપયોગ કરવા મળ્યો હતો અને જો હા તો પુસ્તકાલયનો ઉપયોગ કેવી રીતે કર્યો તેની વિગત દર્શાવવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે ઉપર મુજબ જોતા જણાઇ આવે છે કે મહમારીમાં પુસ્તકાલયનો ઉપયોગ કરવા મળ્યો છે એવા ઉત્તરદાતાઓએ કેવી રીતે પુસ્તકાલયનો ઉપયોગ કર્યો જેમાં અઠવાડિયામાં એક દિવસ પુસ્તકાલયમાં જઇને ૫૦ .ટકા, ગ્રંથપાલ ઘરે આવી પુસ્તકો આપી જતા એવા ૨૦.૦ ટકા, પુસ્તકાલયનો ઉપયોગ કર્યો ન હતો ૩૦.૦ ટકા જોવા મળે છે .

**ઉત્તરદાતાએ કોવિડ ૧૯ જેવી મહામારી દરમિયાન પુસ્તકો વાંચન માટે સમય ફાળવ્યો હતો કે અને જો હા તો પુસ્તકાલયનો ઉપયોગ કરવા મળ્યો હતો કે એ બન્ને વચ્ચેના સંબંધનું વર્ગીકરણ દર્શાવતી વિગત**

| સારણી નં ૧૧ ઉત્તરદાતાએ કોવિડ ૧૯ જેવી મહામારી દરમિયાન પુસ્તકો વાંચન માટે સમય ફાળવ્યો હતો કે અને જો હા તો પુસ્તકાલયનો ઉપયોગ કરવા મળ્યો હતો કે એ બન્ને વચ્ચેના સંબંધનું વર્ગીકરણ દર્શાવતી વિગત | | | | |
|---|---|---|---|---|
| વિગત | જો હા તો પુસ્તકાલયનો ઉપયોગ કરવા મળ્યો હતો કે એ બન્ને વચ્ચેના સંબંધનું વર્ગીકરણ દર્શાવતી વિગત | | | |
| ઉત્તરદાતાએ કોવિડ ૧૯ જેવી મહામારી દરમિયાન પુસ્તકો | હા | ના | ખબર નથી | કુલ |

| વાંચન માટે સમય ફાળવ્યો હતો કે | | | | | |
|---|---|---|---|---|---|
| હા | સંખ્યા | ૧૦ | ૭૫ | ૩ | ૮૮ |
| | ટકા ) પંક્તિમાં ( | ૧૧.૪ | ૮૫.૨ | ૩.૪ | ૧૦૦ |
| | ટકા) સ્તંભમાં ( | ૧૦૦ | ૯૬.૨ | ૭૫.૦ | ૯૫.૭ |
| | ટકા ) કુલમાંથી ( | ૧૦.૯ | ૮૧.૫ | ૩.૩ | ૯૫.૭ |
| ના | સંખ્યા | ૦ | ૩ | ૧ | ૪ |
| | ટકા) પંક્તિમાં ( | ૦.૦ | ૭૫.૦ | ૨૫.૦ | ૧૦૦ |
| | ટકા) સ્તંભમાં ( | ૦.૦ | ૩.૮ | ૨૫.૦ | ૪.૩ |
| | ટકા) કુલમાંથી ( | ૦.૦ | ૩.૩ | ૧.૧ | ૪.૩ |
| કુલ | સંખ્યા | ૧૦ | ૭૮ | ૪ | ૯૨ |
| | ટકા) પંક્તિમાં ( | ૧૦.૯ | ૮૪.૮ | ૪.૩ | ૧૦૦ |
| | ટકા) સ્તંભમાં ( | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ |
| | ટકા) કુલમાંથી ( | ૧૦.૯ | ૮૪.૮ | ૪.૩ | ૧૦૦ |

ઉપરોક્ત સારણીમાં ઉત્તરદાતાએ કોવિડ ૧૯ જેવી મહામારી દરમિયાન પુસ્તકો વાંચન માટે સમય ફાળવ્યો હતો કે અને જો હા તો પુસ્તકાલયનો ઉપયોગ કરવા મળ્યો હતો કે એ બન્ને વચ્ચેના સંબંધનું વર્ગીકરણ દર્શાવવામાં આવ્યું છે,

**ઉત્તરદાતાએ કોવિડ ૧૯ જેવી મહામારી દરમિયાન પુસ્તકો વાંચન માટે સમય ફાળવ્યો હતો કે અને જો હા તો વાંચન માટે ક્યા પ્રકારનો સાહિત્યનો ઉપયોગ કર્યો હતો એ બન્ને વચ્ચેના સંબંધનું વર્ગીકરણ દર્શાવતી વિગત**

| સારણી નં ૧૨ ઉત્તરદાતાએ કોવિડ ૧૯ જેવી મહામારી દરમિયાન પુસ્તકો વાંચન માટે સમય ફાળવ્યો હતો કે અને જો હા તો વાંચન માટે ક્યા પ્રકારનો સાહિત્યનો ઉપયોગ કર્યો હતો એ બન્ને વચ્ચેના સંબંધનું વર્ગીકરણ દર્શાવતી વિગત | | | | | |
|---|---|---|---|---|---|
| વિગત | | જો હા તો વાંચન માટે ક્યા પ્રકારનો સાહિત્યનો ઉપયોગ કર્યો હતો એ બન્ને વચ્ચેના સંબંધનું વર્ગીકરણ દર્શાવતી વિગત | | | |
| ઉત્તરદાતાએ કોવિડ ૧૯ જેવી મહામારી દરમિયાન પુસ્તકો વાંચન માટે સમય ફાળવ્યો હતો કે | | છાપેલ ) પ્રિંન્ટીગ ( સાહિત્ય ( | ઈ- સાહિત્ય | બન્ને | કુલ |
| હા | સંખ્યા | ૧૭ | ૧૬ | ૫૫ | ૮૮ |
| | ટકા ) પંક્તિમાં ( | ૧૯.૩ | ૧૮.૨ | ૬૨.૫ | ૧૦૦ |
| | ટકા) સ્તંભમાં ( | ૮૯.૫ | ૯૪.૧ | ૯૮.૨ | ૯૫.૭ |
| | ટકા ) કુલમાંથી ( | ૧૮.૫ | ૧૭.૪ | ૫૯.૮ | ૯૫.૭ |
| ના | સંખ્યા | ૨ | ૧ | ૧ | ૪ |
| | ટકા) પંક્તિમાં ( | ૫૦.૦ | ૨૫.૦ | ૨૫.૦ | ૧૦૦ |
| | ટકા) સ્તંભમાં ( | ૧૦.૫ | ૫.૯ | ૧.૮ | ૪.૩ |
| | ટકા) કુલમાંથી ( | ૨.૨ | ૧.૧ | ૧.૧ | ૪.૩ |
| કુલ | સંખ્યા | ૧૯ | ૧૭ | ૫૬ | ૯૨ |
| | ટકા) પંક્તિમાં ( | ૨૦.૭ | ૧૮.૫ | ૬૦.૯ | ૧૦૦ |
| | ટકા) સ્તંભમાં ( | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ |
| | ટકા) કુલમાંથી ( | ૨૦.૭ | ૧૮.૫ | ૬૦.૯ | ૧૦૦ |

ઉપરોક્ત સારણીમાં મહામારી દરમિયાન પુસ્તકો વાંચન માટે સમય ફાળવ્યો હતો કે અને જો હા તો વાંચન માટે ક્યા પ્રકારનો સાહિત્યનો ઉપયોગ કર્યો હતો જેમાં છાપેલ પ્રિન્ટીંગ સાહિત્ય, ઈ – સાહિત્ય, બન્ને પ્રકારના સાહિત્યનો ઉપયોગ કરવામાં આવ્યો તેની વિગત દર્શાવવામાં આવેલ છે .

**ઉત્તરદાતાઓએ કોવિડ ૧૯ દરમિયાન કયા પ્રકારનું સાહિત્યનું વાંચન કર્યું જેની વિગત**

| સારણી નં : ૧૩ ઉત્તરદાતાઓએ કોવિડ ૧૯ દરમિયાન કઈ પ્રકારનું સાહિત્યનું વાંચન કર્યું જેની વિગત | | | |
|---|---|---|---|
| **કોવિડ ૧૯ દરમિયાન કઈ પ્રકારનું સાહિત્યનું વાંચન કર્યું** | **હા** | **ના** | **કુલ** |
| ધાર્મિક પુસ્તકો | ૨૮ )૩૦.૪( | ૬૪ )૬૯.૬( | ૯૨ )૧૦૦( |
| કાયદાકીય પુસ્તકો | ૧૬ )૧૭.૪( | ૭૬ )૮૨.૬( | ૯૨ )૧૦૦( |
| ઐતિહાસિક પુસ્તકો | ૧૯ )૨૦.૭( | ૭૩ )૭૯.૩( | ૯૨ )૧૦૦( |
| વિશ્વ પ્રસિધ્ધ પુસ્તકો | ૧૯ )૨૦.૭( | ૭૩ )૭૯.૩( | ૯૨ )૧૦૦( |
| વિધાર્થી ભણતર પુસ્તકો | ૫૭ )૬૨.૦( | ૩૫ )૩૮.૦( | ૯૨ )૧૦૦( |
| તબીબીશાખા સંદર્ભ | ૧ )૧.૧( | ૯૧ )૯૮.૯( | ૯૨ )૧૦૦( |
| અન્ય) નિર્દેશ કરો ( | ૮ )૮.૭( | ૮૪ )૯૧.૩( | ૯૨ )૧૦૦ ( |
| સ્ત્રોત : ક્ષેત્રકાર્ય દરમિયાન પ્રાપ્ત માહિતીના આધારે | | | |

ઉપરોક્ત સારણીમાં ઉત્તરદાતાઓએ કોવિડ ૧૯ દરમિયાન કયા પ્રકારનું સાહિત્યનું વાંચન કર્યું જેની વિગત દર્શાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે . જેમાં ધાર્મિક પુસ્તકો, કાયદાકીય પુસ્તકો, ઐતિહાસિક પુસ્તકો, વિશ્વ પ્રસિધ્ધ પુસ્તકો, વિધાર્થી ભણતર પુસ્તકો, તબીબીશાખા સંદર્ભ, જેવા જુદા જુદા પ્રકારના પુસ્તકોનું વાંચન કર્યુ જેની માહિતી દર્શાવવામાં આવેલ છે .

**ઉત્તરદાતાઓએ કોવિડ ૧૯ દરમિયાન કઈ ભાષાના પુસ્તકોનું વાંચન કર્યું જેની વિગત**

| સારણી નં : ૧૪ ઉત્તરદાતાઓએ કોવિડ ૧૯ દરમિયાન કઈ ભાષાના પુસ્તકોનું વાંચન કર્યું જેની વિગત | | | |
|---|---|---|---|
| **કોવિડ ૧૯ દરમિયાન કઈ ભાષાના પુસ્તકોનું વાંચન કર્યું** | **હા** | **ના** | **કુલ** |
| ગુજરાતી | ૬૪ ) ૬૯.૬ ( | ૨૮ ) ૩૦.૪ ( | ૯૨ ) ૧૦૦ ( |
| હિંન્દી | ૧૫ ) ૧૬.૩ ( | ૭૭ ) ૮૩.૭ ( | ૯૨ ) ૧૦૦ ( |
| અંગ્રેજી | ૫૦ ) ૫૪.૩ ( | ૪૨ ) ૪૫.૭ ( | ૯૨ ) ૧૦૦ ( |
| મરાઠી | ૩ | ૮૯ | ૯૨ |

| | | | |
|---|---|---|---|
| | )૩.૩( | )૯૬.૭( | )૧૦૦( |
| સંસ્કૃત | ૫<br>)૫.૪( | ૮૭<br>)૯૪.૬( | ૯૨<br>)૧૦૦ ( |
| અન્ય) નિર્દેશ કરો ( | ૧<br>)૧.૧( | ૯૧<br>)૯૮.૯( | ૯૨<br>)૧૦૦ ( |
| સ્ત્રોત :ક્ષેત્રકાર્ય દરમિયાન પ્રાપ્ત માહિતીના આધારે | | | |

ઉપરોક્ત સારણીમાં ઉત્તરદાતાઓએ કોવિડ ૧૯ દરમિયાન કઇ કઇ ભાષાના પુસ્તકોનું વાંચન કર્યું જેની વિગત ગુજરાતી, હિંદી, મરાઠી, અંગ્રેજી, સંસ્કૃત જેવા વિષયોમાં વાંચન કર્યુ જેની માહિતી દર્શાવવામાં આવી છે .

**ઉત્તરદાતાઓ પુસ્તકાલયનો ઉપયોગ કરે છે કઇ પ્રકારના પુસ્તકાલયનો કરે છે જેની વિગત**

| સારણી નં :૧૫ ઉત્તરદાતાઓ પુસ્તકાલયનો ઉપયોગ કરે છે કઇ પ્રકારના પુસ્તકાલયનો કરે છે જેની વિગત | | | |
|---|---|---|---|
| **પુસ્તકાલયનો ઉપયોગ કરે છે કઇ પ્રકારના પુસ્તકાલયનો કરે છે** | **હા** | **ના** | **કુલ** |
| જાહેર પુસ્તકાલય | ૫૦<br>)૫૪.૩( | ૪૨<br>)૪૫.૭( | ૯૨<br>૧૦૦ |
| ખાનગી પુસ્તકાલય | ૧૨<br>)૧૩.૦( | ૮૦<br>)૮૭.૦( | ૯૨<br>)૧૦૦( |
| સંસ્થા દ્વારા કાર્યરત પુસ્તકાલય | ૧૦<br>)૧૦.૯( | ૮૨<br>)૮૯.૧( | ૯૨<br>)૧૦૦( |
| કોલેજ પુસ્તકાલય | ૩૩<br>)૩૫.૯( | ૫૯<br>)૬૪.૧( | ૯૨<br>)૧૦૦( |
| યુનિવર્સિટી પુસ્તકાલય | ૨૩<br>)૨૫.૦( | ૬૯<br>)૭૫.૦( | ૯૨<br>)૧૦૦ ( |
| વિશિષ્ટ પુસ્તકાલય | ૩<br>)૩.૩( | ૮૯<br>)૯૬.૭( | ૯૨<br>)૧૦૦( |
| ફરતું પુસ્તકાલય | ૦<br>)૦.૦૦( | ૯૨<br>)૧૦૦( | ૯૨<br>)૧૦૦( |
| શાળા પુસ્તકાલય | ૫<br>)૫.૪( | ૮૭<br>)૯૪.૬( | ૯૨<br>)૧૦૦ ( |
| અન્ય | ૧<br>)૧.૧( | ૯૧<br>)૯૮.૯( | ૯૨<br>)૧૦૦( |
| સ્ત્રોત :ક્ષેત્રકાર્ય દરમિયાન પ્રાપ્ત માહિતીના આધારે | | | |

ઉપરોક્ત સારણીમાં ઉત્તરદાતાઓ પુસ્તકાલયનો ઉપયોગ કરે છે તો કઇ પ્રકારના પુસ્તકાલયનો કરે છે જેની વિગત દર્શાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે .જેમાં જોતા જણાઇ છે કે જાહેર પુસ્તકાલય ૫૪ ૩.ટકા, ખાનગી પુસ્તકાલય ૧૩.૦ ટકા, સંસ્થા દ્વારા કાર્યરત પુસ્તકાલય ૧૦.૯ ટકા, કોલેજ પુસ્તકાલય ૩૫.૯ ટકા, યુનિવર્સિટી પુસ્તકાલય ૨૫.૦ ટકા, વિશિષ્ટ પુસ્તકાલય ૩.૩ ટકા, શાળા પુસ્તકાલય ૫.૪ ટકા ઉત્તરદાતાઓએ ઉપયોગ કર્યો છે .

## અભ્યાસના તારણો

સંશોધાનના પ્રસ્તુત ભાગમાં સંશોધનમાંથી ફલિત થતાં મહત્વના તારણો, ઉત્તરદાતાઓએ કરેલા સૂચનો, સંશોધકે કરેલા સૂચનો રજુ કરવામાં આવ્યા છે .

- કોવિડ ૧૯ લોકડાઉન દરમિયાન લાયબ્રેરી ઉપભોક્તાઓની વાંચન વર્તાણુંકમાં એવુ જાણવા મળેલ છે કે ૯૭.૮ ટકા લોકો સામાન્ય દિવસો દરમિયાન વાચવામાં રસ ધરાવે છે, જ્યારે ૨.૨ ટકા લોકો સામાન્ય દિવસો દરમિયાન વાંચવામાં રસ ધરાવતા નથી .
- વધુમાં સામાન્ય દિવસોમાં ઉતરદાતાઓ અલગ અલગ સાહિત્યનો ઉપયોગ કરે છે જેવા કે છાપેલ સાહિત્ય, ઈ – સાહિત્ય, જેમાં સૌથી વધારે ઉત્તરદાતાઓ ૬૦.૯ ટકા બન્ને સાહિત્યનો ઉપયોગ કરે છે .
- કોવીડ ૧૯ લોકડાઉન દરમિયાન ઉત્તરદાતાઓમાં ૯૪.૬ ટકા એ વાચવા માટે સમય ફાળવ્યો હતો, જ્યારે ૪.૩ ટકા , ઉત્તરદાતાઓ સમય ફાળવી શક્યા ન હતા, આથી એવુ કહી શકાય કે સામાન્ય દિવસો કરતાં કોવિડ ૧૯ મહામારી દરમિયાન ઓછા ઉત્તરદાતાઓ સમય ફાળવી શક્ય .
- ઉત્તરદાતાઓમાં સામાન્ય દિવસોમાં ૯૧.૩ ટકા પુસ્તકાલયનો ઉપયોગ કરે છે, જ્યારે ૫.૭ ટકા પુસ્તકાલયનો ઉપયોગ કરતા નથી
- કોવીડ ૧૯ લોકડાઉન દરમિયાન ઉત્તરદાતાઓમાં પુસ્તકાલયનો ઉપયોગ કરવા મળ્યો હોય એવા ઉત્તરદાતાઓ ૧૦.૯ ટકા છે, જ્યારે પુસ્તકાલયનો ઉપયોગ કરવા ન મળ્યો હોય એવા ઉત્તરદાતાઓ ૮૪.૪ ટકા એટલે કે સૌથી વધુ છે .
- કોવીડ ૧૯ દરમિયાન ઈ.સાહિત્યનો ઉપયોગ કર્યો હોય એવા ઉત્તરદાતાઓ ૭૬.૧ ટકા છે, જયારે બાકીના ૧૭.૪ ટકા ઉત્તરદાતાઓ વાંચવામાં રસ ધરાવતા નથી.
- કોવીડ ૧૯ દરમિયાન ઘરમાં પુરતા પ્રમાણમાં પુસ્તકો ઉપલ્બધ હતા એવા ૯૭.૮ ટકા ઉત્તરદાતાઓ છે. જયારે પુસ્તકો પુરતા પ્રમાણમાં ધરાવતા ન હોય એવા ઉત્તરદાતાઓ ૨.૨ ટકા છે .
- કોવીડ ૧૯ દરમિયાન ઉત્તરદાતાઓએ પોતાના વાંચન રસ સંતોષવા માટે પોતાના ઘરના પુસ્તકો વાંચ્યા હોય એવા ૬૨.૦ ટકા ઉત્તરદાતાઓ છે. મિત્રોએ પુસ્તકો મોકલ્યા હોય એવા ૧૫.૨ ટકા ઉત્તરદાતાઓ છે. પડોશીએ પુસ્તકો આપ્યા હોય એવા ૨.૨ ટકા ઉત્તરદાતાઓ છે. ઈ-માધ્યમનો ઉપયોગ કર્યો હોય એવા ૪૭.૮ ટકા છે . ટી.વી ઉપર શૈક્ષણિક ચેનલો દ્વારા વાંચનરસ સંતોષ્યો હોય એવા ૧૫.૨ ટકા ઉપભોકતાઓ છે. જયારે અન્ય માધ્યમ દ્વારા વાંચનરસ સંતોષ્યો હોય એવા ૫.૪ ટકા ઉપભોકતાઓ વિશે અહિં જાણવા મળેલ છે .
- કોવીડ ૧૯ દરમિયાન ઉત્તરદાતાઓએ સૌથી વધુ ૬૨.૦ ટકા વિદ્યાર્થી ભણતરનાં સંદર્ભમાં સાહિત્યનું વાંચન કર્યું છે .ત્યાર પછી ધાર્મક પુસ્તકોનું ૩૦.૪ ટકા જેટલું વાંચન કર્યું. ઐતિહાસિક પુસ્તકો અને વિશ્વ પ્રસિધ્ધ પુસ્તકોનું સમાન વાંચન ઉત્તરદાતાઓએ ૧૭.૪ ટકા કર્યું, તબીબશાખા સંદર્ભમાં ૧.૧ ટકા તથા અન્ય સાહિત્યનું વાંચન ૮.૭ ટકા જેટલું ઉત્તરદાતાઓએ કર્યું છે .
- કોવીડ ૧૯ દરમિયાન ઉત્તરદાતાઓએ સૌથી વધુ ગુજરાતી ભાષામાં ૬૯.૬ ટકા જેટલું વાંચન કરેલ છે તથા ગુજરાતી ભાષાને અગ્રતાક્રમ આપેલ છે .૫૪.૩ ટકા ઉત્તરદાતાઓએ અંગ્રેજી ,૧૬.૩ ટકા ઉત્તરદાતાઓએ

હિન્દી, ૫.૪ ટકા ઉત્તરદાતાઓએ સંસ્કૃત તથા ૩.૩ ટકા ઉત્તરદાતાઓએ મરાઠી ભાષામાં અને ૧.૧ ટકા ઉત્તરદાતાઓએ અન્ય ભાષાને પ્રાધાન્ય આપેલ છે .જે ઉત્તરદાતાઓની વાંચન વર્તણૂક દર્શાવે છે .

- કોવીડ ૧૯ દરમિયાન ઉત્તરદાતાઓએ સૌથી વધુ ૪૩.૫ ટકા હાર્ડકોપી પ્રકારનું અને ઓનલાઇન )ઇ-સાહિત્ય ( એમ બંને પ્રકારના સાહિત્યનો ઉપયોગ વાંચન માટે કર્યો છે. જેમાં ૩૪.૮ ટકા હાર્ડકોપી પ્રકારનું સાહિત્ય અને ૩૪.૮ ટકા ઓનલાઇન )ઇ-સાહિત્ય( એમ બન્નેનો સમાન ઉપયોગ કરેલ છે .જયારે અમુક ઉત્તરદાતાઓએ કોઇ પણ પ્રકારના સાહિત્યનો ઉપયોગ કર્યો નથી એવા ૪.૩ ટકા ઉત્તરદાતાઓ અહિં જોવા મલેલ છે .

## સૂચનો

### ઉત્તરદાતાઓએ આપેલાં સૂચનો

પ્રશ્નાવલીઓ દ્વારા ઉત્તરદાતાઓએ પ્રસ્તુત અભ્યાસના સંદર્ભમાં અભિપ્રાયો, સૂચનો, મંતવ્યો તથા શ્રેષ્ઠ સંતોષ આપેલ છે .જેના સંદર્ભમાં પ્રાપ્ત થયેલ માહિતી નીચે પ્રમાણે છે .

૧ .કોવિડ ૧૯ જેવી મહામારી દરમિયાન પુસ્તકાલયમાં ઇ-માધ્યમો મોબાઇલ દ્વારા પુસ્તકો વાંચનની સુવિધાઓ હોવી જોઇએ .

૨ .કોવિડ ૧૯ જેવી મહામારી દરમિયાન પુસ્તકાલય દ્વારા ઓનલાઇન સેમિનારનું આયોજન કરવું જોઇએ . જેથી ઉત્તરદાતાઓ ઘરે પોતાનો સમય બચાવી શકે .

૩ .લોકડાઉન દરમિયાન પુસ્તકાલય દ્વારા ઉત્તરદાતાઓને પુસ્તકો ઘરે પહોંચાડી શકાય તેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી જોઇએ. જેથી ઉત્તરદાતાઓ પોતાનો વાંચનરસ સંતોષી શકે .

૪ .કોવિડ ૧૯ દરમિયાન જે ઉત્તરદાતાઓ પુસ્તકાલયમાં જઇ શકવા સમય ન હોય એવા ઉત્તરદાતાઓને પુસ્તકાલય તરફથી તેમને જોઇતી જરૂરી માહિતી મોબાઇલ દ્વારા કે ટપાલ દ્વારા આપવી જોઇએ .

### સંશોધકે આપેલા સૂચનો

૧ .ઉત્તરદાતાઓને વાંચનમાં રસ હોવો જોઇએ .દરેક ઉત્તરદાતાઓએ ઓછામાં ઓછુ ૩-૪ કલાકનું વાંચન કરવું જોઇએ અને તે માટે પુસ્તકાલયનો ઉપયોગ વધારે થવો જોઇએ .ત્યાં બેસીને ઉત્તરદાતાઓ સમયની અનુકૂળતાએ વાંચી શકે તેવી વ્યવસ્થા અને વાતાવરણ પુસ્તકાલયમાં હોવું જોઇએ જેની સીધી અસર ઉત્તરદાતાઓની વાંચન વર્તણૂક પર પડતી જોઇ શકાશે .

૨ .ઉત્તરદાતાઓએ સવારે વહેલા ઉઠીને વાંચે તે માટે તેમને સવારના વાંચનના ફાયદાઓ સમજાવવા જોઇએ .

૩ .બધા જ ઉત્તરદાતાઓ પોતાના વિષયનું સાહિત્ય વાંચે તે ખુબ જ જરૂરી છે .

૪ .કોવિડ ૧૯ જેવી મહામારી દરમિયાન દરેક ઉત્તરદાતાઓએ પોતાના કિંમતી સમય બરબાદ ન કરતાં વાંચનમાં પોતાનો સમય ફાળવવો જોઇએ .

૫ .કોવિડ ૧૯ દરમિયાન જે ઉત્તરદાતાઓ પાસે પૂરતા પ્રમાણમાં પુસ્તકો ઉપલબ્ધ ન હોય એવા ઉત્તરદાતાઓએ ઈ -માધ્યમનો ઉપયોગ કરી વાંચન કરવું જોઈએ .

## સંદર્ભસૂચી:


૧. ચૌહાણ મીનળ) ,૧૯૯૩" ,(સાર્વજનિક ગ્રંથાલયોની સામાજિક ભૂમિકા ,"સેજલ પ્રકાશન ,અમદાવાદ
૨. ડૉ.ચારણ શિવદાનભાઈ) ,૧૯૯૧" ,(પુસ્તકાલય : ઈતિહાસ ,"ગ્રંથાગાર નવરંગપુરા,અમદાવાદ ,પાન નં.૯૭.
૩. ભૈયા છગન) ,૧૯૮૯" ,(પુસ્તકાલય અને સમાજ ,"ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય ,અમદાવાદ
૪. શુકલ ડી .એન) .૧૯૭૮" ,(પુસ્તકાલય સેવાનું સંગઠન અને ઈતિહાસ ,"ગુજરાત વિદ્યાપીઠ,અમદાવાદ.
૫. શાહ વિભૂતિ) .૧૯૮૧" ,(ગુજરાતમાં પુસ્તકાલય પ્રવૃત્તિ "માહિતી ખાતું ,ગાંધીનગર


## અંગ્રેજી સંદર્ભસૂચી


1) Barman Badan, (2009), "Scenario of Rural Library Movement in Assam", Indian Journal of Information Science, September 6, 2009.
2) Bhattacharjee R. (2002), "Public Library Services in India : Systems and Deficiencies" In Proceedings of the 68th IFLA International Congress and Council, Glasgow, 1-9 August 2002.
3) DD National TV Live Telecast (14 April, 2020; 10:00 AM)
4) Eva Draper,(1964),A Village Library in Canada, Library Review Volume: 19 Issue: 7 1964
5) F.G. Thomas, (1928) County Library Work in a Village, Library Review Volume: 1 Issue: 8 1928
6) Ghosh Maitreyee. (2005), "The Public Library System in India: Challenges and Opportunities", Library Review, 54(3), 180-191.
7) http://sandeshepaper.in/edition/65174/ahmedabad/zoom#
8) http://sandeshepaper.in/edition/65174/ahmedabad/zoom#
9) http://www.andrewzlibrary.com/
10) https://covid19.who.int/region/searo/country/in
11) https://economictimes.indiatimes.com/news/politics-and-nation/govt-extends-lockdown-by-two-weeks-permits-considerable-relaxations-in-green-and-orange-zones/articleshow/75491935.cms (4 May, 2020; 12.31 PM)
12) https://en.wikipedia.org/wiki/Andrews_Library
13) https://talk.ictvonline.org/
14) https://www.bbc.com/news/world-asia-india-52024239 (25 March, 2020)
15) https://www.cmie.com/kommon/bin/sr.php?kall=warticle&dt=2020-05-12%2010:21:58&msec=653 (16 June, 2020; 9:11 AM)
16) https://www.livemint.com/news/india/pm-modi-announces-extension-of-lockdown-till-3-may-11586839412073.html
17) https://www.ndtv.com/india-news/lockdown-extended-till-june-30-malls-restaurants-can-reopen-from-june-8-except-in-containment-zones-2237910 (30 May, 2020; 09:37 PM)
18) https://www.suratmunicipal.gov.in/Services/OtherPublicLibrary
19) Https://www.thehindu.com/news/national/lockdown-40-guidelines-whats-allowed-and-whats-not/article31609394.ece (17 May, 2020; 08:35 PM)
20) https://www.who.int/docs/default-source/coronaviruse/situation-reports/20200121-sitrep-1-2019 ncov.pdf?sfvrsn=20a99c10_4

21) https://www.who.int/emergencies/diseases/novel-coronavirus-2019/technical-guidance/naming-the-coronavirus-disease-(covid-2019)-and-the-virus-that-causes-it

22) ISAAC-MENARD, R. (2017, April). Librarian skills in the 21st century workplace: The development, running and analysis of a training scheme for non-traditional library work contexts. *DOCTOR OF LITERATURE AND PHILOSOPHY*. UNIVERSITY OF SOUTH AFRICA. Retrieved November 18, 2019, from http://uir.unisa.ac.za/bitstream/handle/10500/23131/thesis_isacc-menard_r.pdf?sequence=1&isAllowed=y

23) Jagnayak S. (1997), "Role of Libraries in Socio-Economics Cultural and Education Development Among Rural People", Classical Publishing Company, New Delhi.

24) K. S. Ranjith, (2004), Rural Libraries of Kerala, Discussion Paper No. 78,Kerala Research Programme on Local Level Development, Centre for Development Studies,Thiruvananthapuram.

25) Kerry Benstead, Rachel Spacey, Anne Goulding,(2004), hanging public library service delivery to rural communities in England,Source: New Library World Volume: 105 Issue: 11/12 2004

26) Kumbar D.B. "Growth and Development of Public Library System in India With Special Reference to Karnataka", International workshop on "Democratization of Information : Focus on Libraries".

27) Missingham, R. (2006, April). Library and information science, Skills for twenty-first century professionals. *Library Management, 27 No.4/5*, 257-268. doi:10.1108/01435120610668197

28) Nandi S. G. (2005), "Rural Development Library and Rabindranath In Information Support for Rural Development", Poroceedings of 21 National Seminar of IASLIC, 2004-05, Jadavpur University, Kolkata; 79-83.

29) Philip A. (1980), "Organization and Management of Rural (Village) Libraries", Maktaba, Vol. 7 No. 2, PP. 45-50.

30) Ptak-Danchak, A. (2012). 21st Century Librarians for 21st Century Libraries. *Proceedings of the IATUL Conferences* (pp. 1-8). University of Oxford: Purdue University. Retrieved Bovember 18th, 2019, from https://docs.lib.purdue.edu/cgi/viewcontent.cgi?article=1091&context=iatul

31) Ratna Bandyopadhyay, (2008), "Information Literacy and Public Library Services in West Bangal, India", Abrizah Abdullah, et al. (Eds.): ICOLIS 2008, Kuala Lumpur: LISU, FCSIT, pp 129-136.

32) Reddy M. Sankara. (2008), "Access to Information by the Rural Communities in Indian Villages: The Role of Raja Rammohun Roy Library Foundation (RRRLF)", World Lirary and Information Congress: 74th IFLA General Conference and Council, 10-14 August, Quebec,Canada.

33) WHO - https://www.who.int/emergencies/diseases/novel-coronavirus-2019?gclid=EAIaIQobChMIqoyZzNb76QIVEXZgCh2kkAK5EAAYASAAEgJUmfD_BwE (12 June, 2020; 05:30 AM)

34) WHO- https://www.who.int/csr/don/12-january-2020-novel-coronavirus-china/en/ (13 June, 2020, 9:30 AM)

35) WHO Statement (31 January, 2020). *"Statement on the second meeting of the International Health Regulations (2005) Emergency Committee regarding the outbreak of novel coronavirus (2019-nCoV)". World Health Organisation. 31 January, 2020. Retrieved 6 February, 2020. & https://www.who.int/teams/blueprint/covid-19*

36) World Health Organization https://covid19.who.int/region/searo/country/in